Extra No. 305

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, AUGUST 19, 2025 / SRAVANA 28, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૧૧મી માર્ચ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૪નો ૬૮/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૨૧૫૧/સેક્શન-જી.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Panchayats Act, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૬૮/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૨૧૫૧/સેક્શન-જી: ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૫-ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડવા ધારેલો નિયમોનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી વાંધા અને સુચનો મેળવવા માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ નિયમોનો મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના સચિવ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને, જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૬૮/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૨૧૫૧/સેક્શન-જિ: ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૫-ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત પંચાયત ચૂંટણી (સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૨-માં, પેટા-નિયમ (૧)માં, "નમૂના ૪ મુજબના ઉમેદવારીપત્રની માંગણી કરનાર વ્યક્તિને તે આપવું જોઈશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તાલુકા અથવા જિલ્લા પંચાયત ચૂંટણી માટે નમૂના-૪ મુજબના ઉમેદવારીપત્રની અને ગ્રામ પંચાયત ચૂંટણી માટે નમૂના-૪(ક) મુજબના ઉમેદવારીપત્રની માંગણી કરનાર વ્યક્તિને તે આપવું જોઈશે" એ શબ્દો, આંકડા, અક્ષર અને કૌંસ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨માં, પેટા-નિયમ (૨)માં, ત્રીજા પરંતુકમાં, "નવ સમર્થકો" એ શબ્દોને બદલે, "દસ સમર્થકો" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫-માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ખ) કમી કરવો.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫-માં, પેટા-નિયમ (૭)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૭) આ નિયમના હેતુઓ માટે, કોઈ મતદાન વિભાગમાં જે તે સમયે અમલમાં હોય તેવી મતદાર યાદીમાં કરેલી નોંધની પ્રમાણિત નકલની રજૂઆત તે નોંધમાં જણાવેલા કોઈ મતદારના ચૂંટણીમાં ઊભા રહેવાના અથવા યથાપ્રસંગ, ઉમેદવારીપત્ર ભરવાના હકનો નિર્ણાયક પુરાવો ગણાશે, સિવાય કે ઉમેદવાર ચૂંટણીમાં હરીફાઈ કરવા માટે, અધિનિયમની કલમ ૨૮ની પેટા-કલમ (૨)ના અર્થ મુજબ ગેરલાયક થયો હોવાનું સાબિત થાય.".

૬. સદરહુ નિયમોમાં, "નમૂના-૪"ને બદલે, નીચેનો "નમૂનો-૪" મૂકવો:-

"નમૂનો-૪

(તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી)

[જુઓ નિયમ ૧૨(૧)]

ઉમેદવારી પત્ર

..... *તાલુકા/જિલ્લા પંચાયતના ..... નંબરના મતદાન વિભાગની ચૂંટણી.

* લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૧

હું, આથી, ... *તાલુકા/જિલ્લા પંચાયતના ..... નંબરના મતદાર વિભાગની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે શ્રી ..... ના નામની દરખાસ્ત કરું છું.

* લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ઉમેદવારનું નામ ..... * પિતા/માતા/પતિનું નામ ..... જાતિ (પુરૂષ અથવા સ્ત્રી) .....

પુરૂષ ઉમેદવારના કિસ્સામાં, ઉમેદવારનું પ્રથમ નામ ..... પિતા/માતાનું નામ ..... અટક .....

સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, જો તે પરિણીત હોય, તો-

ઉમેદવારનું પ્રથમ નામ ..... પતિનું નામ ..... અટક .....

ઉમેદવારનું લગ્ન પહેલાનું પ્રથમ નામ ..... *પિતા/માતાનું નામ ..... અટક .....

સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, જો તે અપરિણીત હોય, તો-

ઉમેદવારનું પ્રથમ નામ .....* પિતા/માતાનું નામ ..... અટક .....

તેનું/ તેણીનું ટપાલનું સરનામું .....મતદાર વિભાગ માટેની મતદાર યાદીમાં ભાગ નંબર .....માં અનુક્રમાંક નંબર ..... પર તેનું/તેણીનું નામ દાખલ કરેલું છે.

હું જાહેર કરું છું કે હું મતદાર છું અને ..... મતદાર વિભાગ માટેની મતદાર યાદીમાં ભાગ નંબર .....માં અનુક્રમાંક નંબર ..... પર મારું નામ દાખલ કરેલું છે અને હું આ ઉમેદવારી પત્ર ભર્યાના પ્રતીકરૂપે નીચે મારી સહી કરું છું.

હું, (નામ)..... વધુમાં જાહેર કરું છું કે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૮ની પેટા-કલમ (૧) હેઠળ હું લાયકાત ધરાવું છું.

તારીખ: .....

* લાગુ પડતું ન હોય તે છેકી નાખવું. (દરખાસ્ત કરનારની સહી)

ભાગ-૨

(*તાલુકા/જિલ્લા પંચાયતના મતદાર વિભાગની ચૂંટણી ખાતે માન્ય રાજકીય પક્ષ દ્વારા ઉમેદવાર ઊભો રખાયો ન હોય, ત્યારે ઉપયોગ કરવો)

આથી, અમે, ઉમેદવાર તરીકે ભાગ-૧માં જણાવેલી વ્યક્તિની ઉમેદવારીનું સમર્થન કરીએ છીએ. અમે જાહેર કરીએ છીએ કે અમે .....*તાલુકા/જિલ્લા પંચાયતના મતદાર વિભાગ નંબર ..... ના મતદારો છીએ અને અમારા નામ મતદાર વિભાગની મતદાર યાદીમાં નીચે દર્શાવ્યા પ્રમાણે દાખલ કરેલ છે અને અમે આ ઉમેદવારી પત્ર ભર્યાના પ્રતીકરૂપે નીચે અમારી સહી કરીએ છીએ.

સમર્થકોની વિગતો અને તેમની સહીઓ.

અનુક્રમાંક	મતદાર વિભાગનું નામ અને નંબર	મતદાર યાદીનો ભાગ નંબર	તે ભાગનો અનુક્રમાંક	સમર્થકનું પૂરું નામ	સમર્થકની સહી	તારીખ
૧						
૨						
૩						
૪						
૫						
૬						
૭						
૮						
૯						
૧૦						

નોંધ: સમર્થકો તરીકે મતદાર વિભાગના દસ મતદારો હોવા જોઈશે.

* લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૩

(ઉમેદવારે ભરવાનું)

૧. ભાગ-૧માં જણાવેલ ઉમેદવાર આ ઉમેદવારી પત્રને અનુમતિ આપે છે અને આથી જાહેર કરે છે કે-

(ક) મને ..... વર્ષ પૂરાં થયા છે.

(નીચે (ખ)(૧) અથવા (ખ)(૨) અથવા (ખ)(૩)માંથી લાગુ પડતું ન હોય તે છેકી નાખવું)

(ખ) (૧) મને માન્ય *રાષ્ટ્રીય પક્ષ/ .....રાજ્યના રાજ્ય પક્ષ ..... દ્વારા આ ચૂંટણી ખાતે ઊભો રાખવામાં આવ્યો છે અને ઉપરોક્ત પક્ષ માટે આરક્ષિત પ્રતીક મને ફાળવવું.

અથવા

(ખ)(૨) મને આ ચૂંટણીમાં ..... પક્ષ દ્વારા ઉભો રાખવામાં આવ્યો છે જે એક રજિસ્ટર થયેલો અમાન્ય રાજકીય પક્ષ છે અને મેં પસંદ કરેલા પ્રતીકો માટેનો પસંદગીનો ક્રમ નીચે મુજબ છે

(૧)..... (૨)..... (૩).....

અથવા

(ખ) (૩) હું અપક્ષ(સ્વતંત્ર) ઉમેદવાર તરીકે આ ચૂંટણી લડી રહ્યો છું અને મેં પસંદ કરેલા પ્રતીકો માટેનો પસંદગીનો ક્રમ નીચે મુજબ છે

(૧)..... (૨)..... (૩).....

(ગ) મારું નામ અને મારા *પિતાનું/માતાનું/પતિનું નામ ..... (ભાષાનું નામ)માં ઉપર સાચી રીતે લખવામાં આવેલ છે.

(ઘ) મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ..... *તાલુકા/જિલ્લા પંચાયતમાં પંચાયતની બેઠક ભરવા માટે પસંદ થવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૮ની પેટા-કલમ (૨) હેઠળ હું લાયકાત ધરાવું છે.

(ચ) હું, *અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો સભ્ય છું અને સક્ષમ સત્તાધિકારી ..... દ્વારા આ અર્થે ..... તારીખે કાઢી આપેલું પ્રમાણપત્ર આ સાથે જોડેલ છે.

(લાગું પડતું હોય તે છેકી નાંખવું)

૨. હું વધુમાં જાહેર કરું છું કે -

(લાગુ ન પડતું હોય તે નીચેમાંથી (૧) અથવા (૨) છેકી નાંખવું)

(ક) આ ઉમેદવારીપત્ર ઉપરાંત, મેં હાલમાં …….. *તાલુકા/જિલ્લા પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મીડ ટર્મ(મધ્યસત્ર) ચૂંટણીમાં કોઇ અન્ય મતદાર વિભાગમાં ઉમેદવારી પત્ર ભરેલ નથી.

અથવા

(ક) આ ઉમેદવારીપત્ર ઉપરાંત, મેં હાલમાં …….. *તાલુકા/જિલ્લા પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મીડ ટર્મ(મધ્યસત્ર) ચૂંટણીમાં ..... મતદાર વિભાગ (નંબર અને નામ)ની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરેલ છે.

(ખ) મેં, હાલમાં …….. *તાલુકા/જિલ્લા પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મીડ ટર્મ(મધ્યાવધિ) ચૂંટણીમાં બે કરતા વધુ મતદાર વિભાગમાંથી ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્ર ભરવાની માંગણી કરી નથી.

તારીખ: ..... (ઉમેદવારની સહી)

સ્પષ્ટીકરણ: "રજિસ્ટર થયેલો રાજકીય પક્ષ" અને "માન્ય રાજકીય પક્ષ" નો અર્થ, વખતો વખત સુધાર્યા મુજબના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી (અનામત અને ચૂંટણી પ્રતીકોની ફાળવણી બાબત) હુકમ, ૨૦૧૨માં અનુક્રમે વ્યાખ્યા કર્યા મુજબનો થશે.

ભાગ ૪

(ચૂંટણી અધિકારીએ ભરવું)

ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર _____

ઉમેદવારી પત્ર _____ (તારીખ)ના રોજ _____ (કલાકે) *ઉમેદવાર/દરખાસ્ત કરનાર દ્વારા મને મારી કચેરી ખાતે સોંપેલ છે.

તારીખ: .....

*લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું (ચૂંટણી અધિકારી)

ભાગ - ૫

(ઉમેદવારી પત્રનો સ્વીકાર અથવા અસ્વીકાર કરતો ચૂંટણી અધિકારીનો નિર્ણય)

મેં ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૧૫ અનુસાર આ ઉમેદવારી પત્ર તપાસ્યું છે અને હું નીચે પ્રમાણે નિર્ણય કરું છું.

તારીખ: ..... (ચૂંટણી અધિકારી)

ભાગ ૬

(ઉમેદવારી પત્રની પહોંચ અને ચકાસણીની નોટિસ ઉમેદવારી પત્ર રજૂ કરનાર વ્યક્તિને આપવી.)

ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર _____ _____ *તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતના મતદાર વિભાગ ક્રમાંક _____ નામ _____ની ચૂંટણી માટેના ઉમેદવાર શ્રી _____નું ઉમેદવારી પત્ર, ઉમેદવાર/દરખાસ્ત કરનાર વ્યક્તિ દ્વારા _____ (તારીખ)ના રોજ _____ (કલાકે) મારી કચેરી ખાતે મને સોંપેલ હતું. તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી _____ (સ્થળ) ખાતે _____ (તારીખ)ના રોજ _____ (કલાકે) હાથ ધરવામાં આવશે.

તારીખ: ..... (ચૂંટણી અધિકારી)

*લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું

ભાગ-૭

(ઉમેદવારે ભરવું)

ઉમેદવાર -

(૧) (ક) કલમ ૩૦ હેઠળના ગુના/ગુનાઓનો દોષિત ઠરેલ છે કે કેમ

અથવા

(ખ) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ-૩૦ની પેટા-કલમ (૨) માં નિર્દિષ્ટ કરેલા કોઈ કાયદાના ભંગ બદલ દોષિત ઠરેલ છે કે કેમ; અથવા - હા અથવા ના

(૨)તેને બે વર્ષ અથવા તેથી વધુ કેદની સજા થયેલ હોય તેવો કોઈ અન્ય ગુનો(ગુના) માટે દોષિત ઠરેલ છે કે કેમ. - હા અથવા ના

ઉત્તર "હા" હોય, તો ઉમેદવારે નીચેની માહિતી રજૂ કરવી જોઈશે -

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર.) નંબર/નંબરો _____

(૨) પોલીસ સ્ટેશન/પોલીસ સ્ટેશનો _____ જિલ્લો/જિલ્લા _____ રાજ્ય/રાજ્યો _____

(૩) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ(કલમો) અને જે ગુના બદલ દોષિત ઠરેલ હોય તે ગુના/ગુનાઓનું સંક્ષિપ્ત વર્ણન _____ _____ _____

(૪) ગુનેગાર ઠર્યાની તારીખ(તારીખો) _____

(૫) ઉમેદવારને ગુનેગાર ઠરાવેલ હોય તે કોર્ટ/કોર્ટો _____

(૬) લાદેલી સજા(સજાઓ)- કેદની મુદત અને/અથવા દંડનું પ્રમાણ જણાવવું _____

(૭) કેદમાંથી મુક્તિની તારીખ(તારીખો) _____

(૮) ઉપરની ગુના સાબિતીની વિરુદ્ધ કોઈ અપીલ(અપીલો) અથવા ફેરતપાસ(ફેરતપાસો) (અરજી) દાખલ કરેલ છે કે કેમ _____ હા/ના

(૯) દાખલ કરેલી અપીલ(અપીલો)ની / ફેરતપાસ માટેની અરજીની તારીખ અને વિગતો _____ _____

(૧૦) જે કોર્ટ સમક્ષ અપીલ/અપીલો/ફેરતપાસ/ફેરતપાસોની અરજી દાખલ કરેલ હોય, તે કોર્ટનું નામ _____ _____

(૧૧) સદરહુ અપીલ(અપીલો) અથવા ફેરતપાસ માટેની અરજી(અરજીઓ) નો નિકાલ કરેલ છે કે કેમ અથવા પડતર છે કે કેમ _____

(૧૨) જો સદરહુ અપીલ(અપીલો) અથવા ફેરતપાસ માટેની અરજી(અરજીઓ)નો નિકાલ કરવામાં આવ્યો હોય, તો-

(ક) નિકાલની તારીખ(તારીખો) _____

(ખ) કરેલા હુકમ(હુકમો)નો પ્રકાર _____

સ્થળ: .....

તારીખ:..... (ઉમેદવારની સહી)

ભાગ- ૮

..... જિલ્લા/તાલુકાની ..... (પંચાયતનું નામ)ની ચૂંટણી માટે ઉમેદવારે, ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું સોગંદનામું.

હું,.....નો પુત્ર/ની પુત્રી/ની પત્ની ઉમર આશરે ..... વર્ષ, ... ના નિવાસી, ઉપરની ચૂંટણીના ઉમેદવાર તરીકે, આથી, નીચે પ્રમાણે સોગંદ લઉ છું:-

૧. હું, સક્ષમ અધિકારક્ષેત્ર (હકૂમત) ધરાવતી કોર્ટ(કોર્ટો) દ્વારા આરોપ(આરોપો) ઘડવામાં આવ્યો હોય/આવ્યા હોય તેવા કોઈ પડતર કેસ(કેસો)માં બે વર્ષ અથવા તેથી વધુ કેદની સજા થઈ શકે તેવા કોઈપણ ગુનાનો આરોપી છું/નથી.

જો સોગંદનામું કરનાર વ્યક્તિ, આવા કોઈ ગુનાનો આરોપી હોય, તો તેણે નીચેની માહિતી રજૂ કરવી જોઈશે:

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર.) નંબર/નંબરો _____

(૨) પોલીસ સ્ટેશન(સ્ટેશનો) _____ જિલ્લો(જિલ્લા) _____ રાજ્ય(રાજ્યો) _____

(૩) સંબંધિત અધિનિયમ(અધિનિયમો)ની કલમ(કલમો) અને જેના માટે ઉમેદવાર પર આરોપ મૂકવામાં આવ્યો હોય તે ગુનાનું ટૂંકું વર્ણન

_____

(૪) જે કોર્ટ(કોર્ટો)એ આરોપ(આરોપો) મૂક્યા હોય તે કોર્ટ(કોર્ટો) _____

(૫) જે તારીખ(તારીખો)એ આરોપ(આરોપો) મૂકવામાં આવ્યા હોય તે તારીખ(તારીખો) _____

(૬) સક્ષમ અધિકારક્ષેત્ર (હકૂમત) ધરાવતી કોઈ કોર્ટ(કોર્ટો) દ્વારા તમામ અથવા કોઈ કાર્યવાહી(કાર્યવાહીઓ) અટકાવવામાં આવી છે કે કેમ ? _____

૨. મને, (ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૦માં ઉલ્લેખેલા ગુના સિવાયના) કોઈ ગુના માટે દોષિત ઠરાવવામાં આવ્યો છે/દોષિત ઠરાવવામાં આવ્યો નથી અને એક વર્ષ અથવા વધારે વર્ષ માટે કેદની શિક્ષા કરવામાં આવી છે/ કરવામાં આવી નથી.

જો સોગંદનામું કરનાર વ્યક્તિ, દોષિત ઠરેલ હોય અને ઉપર જણાવ્યા પ્રમાણે શિક્ષા કરવામાં આવી હોય, તો તેણે નીચેની માહિતી રજૂ કરવી જોઈશે:

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર.) નંબર/નંબરો _____

(૨) જે કોર્ટ(કોર્ટો)એ શિક્ષા આપી હોય તે કોર્ટ(કોર્ટો) _____

(૩) પોલીસ સ્ટેશન(સ્ટેશનો) _____ જિલ્લો(જિલ્લા) _____ રાજ્ય(રાજ્યો) _____

(૪) સંબંધિત અધિનિયમ(અધિનિયમો)ની કલમ(કલમો) અને જેના માટે ઉમેદવાર પર કોઈ વખત આરોપ મૂકવામાં આવ્યો હોય તેવા ગુનાનું ટૂંકું વર્ણન _____

(૫) જે તારીખ(તારીખો)એ શિક્ષા(શિક્ષાઓ)નો નિર્ણય સંભળાવવામાં આવ્યો હોય તે તારીખ(તારીખો) _____

(૬) સક્ષમ અધિકારક્ષેત્રની કોઈ કોર્ટ(કોર્ટો) દ્વારા શિક્ષા(શિક્ષાઓ)માટે મનાઈ હુકમ કરવામાં આવેલ છે કે કેમ ?_____

ભાગ-૯

(ઉમેદવારે ભરવાનું રહેશે)

૧. હું અહીં નીચે મારી, મારા પતિ/પત્ની અને મારા આશ્રિતોની મિલકત (સ્થાવર, જંગમ, બેંક બેલેન્સ વગેરે)ની વિગતો આપું છું.

ક. જંગમ મિલકતની વિગતો.-

(સંયુક્ત માલિકીનો વ્યાપ દર્શાવતી સંયુક્ત નામવાળી મિલકત પણ આપવી પડશે)

અનુક્રમાંક	વર્ણન	પોતે	પતિ/પત્ની(ઓ)નું નામ (નામો)	આશ્રિત-૧ નામ:	આશ્રિત-૨ નામ:	આશ્રિત-૩ વગેરે નામ:
(૧)	રોકડ					
(૨)	બેંક, નાણાકીય સંસ્થાઓ અને બિન-શરાફી નાણાકીય કંપનીઓમાં થાપણો					
(૩)	કંપનીઓમાં બોન્ડ, ડિબેંચર અને શેર					

અનુક્રમાંક	વર્ણન	પોતે	પતિ/પત્ની(ઓ)નું નામ (નામો)	આશ્રિત-૧ નામ:	આશ્રિત-૨ નામ:	આશ્રિત-૩ વગેરે નામ:
(૪)	એનએસએસ, પોસ્ટલ સેવિંગ્સ, એલઆઈસી, પૉલીસી વગેરે જેવા અન્ય નાણાકીય ખતો					
(૫)	મોટર વાહનો (બનાવટની વિગતો વગેરે)					
(૬)	ઝવેરાત (વજન અને મૂલ્યની વિગતો આપો)					
(૭)	બીજી અસ્કયામતો જેવી કે દાવા/વ્યાજના મૂલ્યો.					

નોંધ:- લિસ્ટેડ કંપનીઓના સંબંધમાં, સ્ટૉક એક્સચેન્જમાં પ્રવર્તમાન બજાર મૂલ્ય પ્રમાણે અને નોન-લિસ્ટેડ કંપનીઓના કિસ્સામાં, પુસ્તકો પ્રમાણે બોન્ડ/શેર/ ડિબેંચરનું મૂલ્ય.

ખ. સ્થાવર મિલકતની વિગતો.-

(સંયુક્ત માલિકીનો વ્યાપ દર્શાવતી સંયુક્ત માલિકીની મિલકતો પણ આપવી પડશે)

અનુક્રમાંક	વર્ણન	પોતે	પતિ/પત્ની(ઓ)નું નામ(નામો)	આશ્રિત-૧ નામ:	આશ્રિત-૨ નામ:	આશ્રિત-૩ નામ:
(૧)	કૃષિવિષયક જમીન -સ્થળ(સ્થળો) -સરવે નંબર (નંબરો) -વિસ્તાર (કુલ માપણી) -વર્તમાન બજાર મૂલ્ય					
(૨)	બિન-કૃષિવિષયક જમીન -સ્થળ(સ્થળો) -સરવે નંબર (નંબરો) -વિસ્તાર (કુલ માપણી) -વર્તમાન બજાર મૂલ્ય					
(૩)	ઈમારતો (વાણિજ્યિક અને રહેણાક) -સ્થળ(સ્થળો) -સરવે/દરવાજા નંબર (નંબરો) -વિસ્તાર (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય.					
(૪)	મકાન / એપાર્ટમેન્ટ વગેરે -સ્થળ(સ્થળો) -સરવે/દરવાજા નંબર (નંબરો) -વિસ્તાર (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય.					

અનુક્રમાંક	વર્ણન	પોતે	પતિ/પત્ની(ઓ)નું નામ(નામો)	આશ્રિત-૧ નામ:	આશ્રિત-૨ નામ:	આશ્રિત-૩ નામ:
(૫)	અન્ય ભાગો (જેમ કે મિલકતમાં હિત/હિસ્સો)					

૨. હું અહીં જાહેર નાણાકીય સંસ્થાઓ અને સરકારી લેણાં માટે મારી જવાબદારીઓ/બાકી નીકળતી રકમની વિગતો નીચે આપું છું: -

(નોંધ: દરેક બાબત માટે અલગ વિગતો આપવી)

અનુક્રમાંક	વિગત	બેંક/ નાણાકીય સંસ્થા(સંસ્થાઓ)/ વિભાગનું નામ અને સરનામું	.....ના રોજ બાકીની રકમ
(ક)	(૧) બેંક પાસેથી લોન		
	(૨) નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન		
	(૩) (આવક વેરો અને સંપત્તિ વેરા સિવાય) સરકારી લેણાં (કોઈ જાહેર હોદ્દો ધરાવતા હોય અથવા ધરાવેલ હોય તેવા કિસ્સામાં ના લેણાં પ્રમાણપત્ર જોડવું)		
(ખ)	(૧) અધિક કર સહિત આવકવેરો (જે આકારણી વર્ષ સુધી આવક વેરા પત્રક રજૂ કરવામાં આવ્યું હોય તે આકારણી વર્ષ પણ દર્શાવવું) કાયમી ખાતા નંબર (PAN) પણ આપવો.		
	(૨) સંપત્તિ વેરો (જે આકારણી વર્ષ સુધી સંપત્તિ વેરા પત્રક રજૂ કરવામાં આવ્યું હોય તે આકારણી વર્ષ પણ દર્શાવવું)		
	(૩) વેચાણવેરો (ફક્ત ખાનગી માલિકીના ધંધાના કિસ્સામાં)		
	(૪) મિલકતવેરો		

૩. મારી શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે:-

(શાળા અને યુનિવર્સિટી શિક્ષણની વિગતો આપવી)

(શાળા અને યુનિવર્સિટીનું નામ અને જે વર્ષમાં અભ્યાસક્રમ પૂર્ણ થયો હતો તે વર્ષ પણ આપવું જોઈશે.

સ્થળ: .....

તારીખ: ..... (સોગંદનામું કરનારની સહી)

ખરાઈ

હું, ઉપર દર્શાવેલ સોગંદનામું કરનાર, આથી, ખરાઈ કરું છું અને જાહેર કરું છું કે આ સોગંદનામાની વિગતો સાચી છે અને મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે અને ખરી છે, તેનો કોઈપણ ભાગ ખોટો નથી અને તેમાં કોઈપણ મહત્ત્વપૂર્ણ બાબત છુપાવવામાં આવી નથી.

સન ૨૦.....ના.....(મહિના)ની ..... તારીખે, આ.....ખાતે ખરાઈ કરેલ છે.

સ્થળ: .....

તારીખ: ..... (સોગંદનામું કરનારની સહી)

નોંધ: આ નમૂનામાં જે કોલમ સોગંદનામું કરનારને લાગુ પડતી ન હોય તે છેકી શકાશે.''.

૭. સદરહુ નિયમોમાં, નમૂના-૪ પછી, નીચેનો નમૂના-૪ (ક) દાખલ કરવો:

"નમૂનો-૪ (ક)

(ગ્રામ પંચાયત માટેની ચૂંટણી)

[જુઓ નિયમ ૧૨(૧)]

ઉમેદવારીપત્ર

*..... ગ્રામ પંચાયતના..... વોર્ડનંબરની ચૂંટણી.

*..... ગામ પંચાયતના સરપંચની ચૂંટણી.

* જે કાંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૧

હું આથી, ... ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી/..... *ગ્રામ પંચાયતના..... વોર્ડ નંબરની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે શ્રી .....ને નામનિયુક્ત કરું છું.

ઉમેદવારનું નામ ..... * પિતા/માતા/પતિનું નામ ..... જાતિ (પુરુષ અથવા સ્ત્રી) .....

પુરુષ ઉમેદવારના કિસ્સામાં, ઉમેદવારનું પ્રથમ નામ .....

*પિતા/માતાનું નામ ..... અટક .....

સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, જો તે પરિણીત હોય તો-

ઉમેદવારનું પ્રથમ નામ .....પતિનું નામ .....અટક .....

ઉમેદવારનું પ્રથમ નામ ..... *પિતા/માતાનું નામ ..... અટક .....

સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, જો તે અપરિણીત હોય તો-

ઉમેદવારનું પ્રથમ નામ ..... *પિતા/માતાનું નામ ..... અટક .....

તેનું/ તેણીનું ટપાલનું સરનામું ..... ગ્રામ પંચાયતના.....

વોર્ડ નંબર માટે મતદાર યાદીના ભાગ નંબર ..... માં અનુક્રમ નંબર ..... પર તેનું/તેણીનું નામ દાખલ કર્યું છે.

હું જાહેર કરું છું કે હું મતદાર છું અને ..... વોર્ડ નંબર માટેની મતદાર યાદીમાં ભાગ નંબર .....માં અનુક્રમ નંબર..... પર મારું નામ દાખલ કર્યું છે અને હું આ ઉમેદવારી પત્ર ભર્યાના પ્રતીકરૂપે નીચે સહી કરું છું.

હું .....(નામ)..... વધુમાં જાહેર કરું છું કે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૮ની પેટા-કલમ (૧) હેઠળ હું લાયકાત ધરાવું છું.

તારીખ: .....

* જે કોઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું. (દરખાસ્ત કરનારની સહી)

ભાગ-૨

ગ્રામ પંચાયતની ચૂંટણી માટે લાગુ પડતું નથી.

ભાગ-૩

(ઉમેદવારે ભરવું)

૧. ભાગ-૧માં જણાવેલા ઉમેદવાર, આ ઉમેદવારીપત્રને અનુમતિ આપે છે અને આથી જાહેર કરે છે કે-

(ક) મને ..... વર્ષ પૂરાં થયા છે.

(ખ) હું ઉમેદવાર તરીકે આ ચૂંટણી લડી રહ્યો છું અને મેં પસંદ કરેલા પ્રતીકો માટેનો પસંદગીનો ક્રમ નીચે મુજબ છે-

(૧).....(૨)..... (૩).....

(ગ) મારું નામ અને મારા *પિતાનું/માતાનું/પતિનું નામ ..... (ભાષાનું નામ)માં ઉપર સાચી રીતે લખવામાં આવેલ છે.

(ઘ) મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ..... ગામ પંચાયતના સરપંચનો હોદ્દો/..... ગામ પંચાયતની પંચાયતમાં બેઠક ભરવા માટે પસંદ થવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૮ની પેટા-કલમ (૨) હેઠળ હું લાયકાત ધરાવું છે.

(ચ) હું, *અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો સભ્ય છું અને સક્ષમ સત્તાધિકારી ..... દ્વારા આ અર્થે ..... તારીખે કાઢી આપેલું પ્રમાણપત્ર આ સાથે જોડેલ છે.

((ચ) લાગુ પડતો હોય તે છેકી નાંખવો)

૨. હું વધુમાં જાહેર કરું છું કે -

(જે કોઈ લાગુ ન પડતું હોય તે નીચેમાંથી (૧) અથવા (૨) છેકી નાંખવું)

(૧) આ ઉમેદવારીપત્ર ઉપરાંત, મેં હાલમાં ..... ગ્રામ પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મીડ ટર્મ(મધ્યસત્ર) ચૂંટણીમાં અન્ય કોઈ વોર્ડમાં ઉમેદવારીપત્ર ભરેલ નથી.

અથવા

(૧) આ ઉમેદવારીપત્ર ઉપરાંત, મેં હાલમાં ..... ગ્રામ પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મીડ ટર્મ(મધ્યસત્ર) ચૂંટણીમાં ..... વોર્ડ (નંબર અને નામ)ની ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરેલ છે.

(૨) મેં, હાલમાં ..... ગામ પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મીડ ટર્મ(મધ્યસત્ર) ચૂંટણીમાં બે કરતા વધુ વોર્ડમાંથી ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્ર ભરવાની માંગણી કરેલ નથી.

તારીખ: ..... (ઉમેદવારની સહી)

ભાગ- ૪

(ચૂંટણી (રિટર્નિંગ) અધિકારીએ ભરવું)

ઉમેદવારીપત્રનો અનુક્રમ નંબર _____

ઉમેદવારીપત્ર _____ (તારીખ)ના રોજ _____ (કલાકે) *ઉમેદવાર/દરખાસ્ત કરનાર દ્વારા મને મારી કચેરી ખાતે સોંપેલ છે.

તારીખ: .....

*જે કોઈ લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું (ચૂંટણી અધિકારી)

ભાગ - ૫

(ઉમેદવારી પત્રનો સ્વીકાર અથવા અસ્વીકાર કરતો ચૂંટણી અધિકારીનો નિર્ણય)

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૧૫-અનુસાર આ ઉમેદવારીપત્રની ચકાસણી કરી છે અને નીચે પ્રમાણે નિર્ણય લીધેલ છે:-

તારીખ:..... (ચૂંટણી અધિકારી)

ભાગ-૬

(ઉમેદવારીપત્ર રજૂ કરનાર વ્યક્તિને ઉમેદવારી પત્ર માટેની પહોંચ અને ચકાસણીની નોટિસ સોંપવા બાબત)

ઉમેદવારીપત્રનો અનુક્રમ નંબર .....

..... ગ્રામ પંચાયતના વોર્ડ નંબર...../.....ગ્રામ પંચાયતના સરપંચની કચેરી .....ની ચૂંટણી માટેના ઉમેદવાર .....નું ઉમેદવારીપત્ર ઉમેદવારે/દરખાસ્ત કરનારે

મને.....(તારીખે).....(સમયે) મારી કચેરીએ પહોંચાડ્યું હતું. .....(સ્થળે).....(તારીખે).....(સમયે) તમામ ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે.

તારીખ: ..... (ચૂંટણી અધિકારી)

જે કાંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.

ભાગ ૭

(ઉમેદવારે ભરવું)

જો ઉમેદવાર -

(૧) (ક) કલમ ૩૦ હેઠળ કોઈ ગુના (ગુનાઓ)ના; અથવા

(ખ) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ - હા અથવા ના

(સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની

કલમ ૩૦ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ

કરેલા કોઈ કાયદાના ઉલ્લંઘન માટે; અથવા

(૨) અન્ય કોઈ ગુના (ગુનાઓ)માટે દોષિત ઠર્યા હોય

જેના માટે તેમને બે વર્ષ અથવા તેનાથી વધારે - હા અથવા ના

સમય માટે કેદ (એકથી વધુ વખતની કેદ) થયેલી હોય.

જો જવાબ “હા” હોય, તો ઉમેદવારે નીચેની વિગતો રજૂ કરવી જોઈશે -

(૧) કેસ / પ્રથમ માહિતી અહેવાલ નંબર/નંબરો .....

(૨) પોલીસ સ્ટેશન (સ્ટેશનો)..... જિલ્લો(જિલ્લા).....

.....રાજ્ય(રાજ્યો).....

(૩) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ(કલમો) અને જે ગુના (ગુનાઓ) માટે તેમને દોષિત ઠરાવવામાં આવ્યા હોય તે ગુના (ગુનાઓ)નું સંક્ષિપ્તમાં વર્ણન. .....

(૪) એક વખત (એકથી વધુ વખત)દોષિત ઠર્યાની તારીખ(તારીખો) .....

(૫) ઉમેદવારને દોષિત ઠરાવનાર કોર્ટ (કોર્ટો) .....

(૬) કરવામાં આવેલી સજા(ઓ) કેદ (એકથી વધુ વખતની કેદ)ની મુદત અને/અથવા દંડ (એકથી વધુ વખતના દંડ)ની માત્રા દર્શાવો .....

(૭) કેદ (એકથી વધુ વખતની કેદ)માંથી છૂટ્યાની તારીખ (તારીખો) .....

(૮) ઉપરની ગુનાસાબિતી (એકથી વધુ વખતની ગુનાસાબિતી) માટે કોઈ અપીલ (અપીલો)/ફેરતપાસ (ફેરતપાસો) કરવામાં આવેલ હતી ..... હા અથવા ના.

(૯) રજૂ કરવામાં આવેલી ફેરતપાસ માટેની અપીલ (અપીલો)ની તારીખ અને વિગતો .....

(૧૦) જે કોર્ટ (કોર્ટો) સમક્ષ ફેરતપાસ માટેની અપીલ (અપીલો)/અરજી (અરજીઓ) રજૂ કરવામાં આવી હોય તેનું નામ .....

(૧૧) ફેરતપાસ માટેની સદરહુ અપીલ (અપીલો)/અરજી (અરજીઓ)નો નિકાલ થઈ ગયો છે અથવા પડતર છે .....

(૧૨) જો ફેરતપાસ માટેની સદરહુ અપીલ (અપીલો)/અરજી (અરજીઓ)નો નિકાલ થઈ ગયો હોય, તો - .....

(ગ) નિકાલની તારીખ (તારીખો) .....

(ઘ) કરવામાં આવેલ હુકમ (હુકમો)નો પ્રકાર .....

સ્થળ: .....

તારીખ: ..... (ઉમેદવારની સહી)

ભાગ-૮

.....ચૂંટણી માટે ઉમેદવાર દ્વારા ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું થતુ એકરારનામું.

.....જિલ્લા/તાલુકામાંથી(પંચાયતનું નામ)

હું,..... ..... ના પુત્ર/પુત્રી/પત્ની .....વર્ષની ઉમર, ...ના રહેવાસી, ઉપર દર્શાવેલ ચૂંટણીના ઉમેદવાર, આથી ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા લઉ છું અને નીચે મુજબ જણાવું છું:-

૧. સક્ષમ ક્ષેત્રાધિકારની કોર્ટ (કોર્ટો) દ્વારા તહોમત (તહોમતો) ઘડવામાં આવેલા હોય તેવા પડતર કેસ (કેસો)માં બે વર્ષ અથવા તેનાથી વધુ વર્ષની કેદ (એકથી વધુ વખતની કેદ) થઈ શકે તેવા કોઈપણ સજાપાત્ર ગુના (ગુનાઓ)નો મારા પર આરોપ મૂકવામાં આવ્યા નથી.

જો સોગંદનામું કરનાર વ્યક્તિ પર આવા કોઈ ગુના (ગુનાઓ)(ઓ)નો આરોપ મૂકવામાં આવ્યો હોય, તો તેણે નીચેની માહિતી રજૂ કરવી જોઈશે:

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ નંબર/નંબરો .....

(૨) પોલીસ સ્ટેશન (સ્ટેશનો)..... જિલ્લો(જિલ્લા).....રાજ્ય(રાજ્યો).....

(૩) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ(કલમો) અને જે ગુના (ગુનાઓ) માટે તેમને દોષિત ઠરાવવામાં આવ્યા હોય તે ગુના (ગુનાઓ)નું સંક્ષિપ્તમાં વર્ણન. .....

(૪) તહોમત ઘડનાર કોર્ટ (કોર્ટો).....

(૫) તહોમત (તહોમતો)ઘડવામાં આવ્યો/આવ્યા હોય તે તારીખ(તારીખો) .....

(૬) કોઈ સક્ષમ ક્ષેત્રાધિકારની કોર્ટ (કોર્ટો) દ્વારા તમામ અથવા કોઇ કાર્યવાહીઓ પર મનાઇ કરવામાં આવી છે કે કેમ .....

.....

૨. મને (ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૦-માં ઉલ્લેખેલ કોઇ ગુના (ગુનાઓ) સિવાયના) ગુના (ગુનાઓ) માટે દોષિત ઠરાવવામાં અને એક વર્ષ અથવા તેનાથી વધુ વર્ષ માટે કેદ (એકથી વધુ વખતની કેદ)ની સજા કરવામાં આવી છે / આવી નથી.

સોગંદનામું કરનાર વ્યક્તિને, ઉપર્યુક્ત મુજબ દોષિત ઠરાવવામાં આવ્યો હોય અને સજા કરવામાં આવી હોય, તો તેણે નીચેની માહિતી પૂરી પાડવી જોઈશે:

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ નંબર/નંબરો .....

(૨) સજા કરનાર કોર્ટ (કોર્ટો) .....

(૩) પોલીસ સ્ટેશન (સ્ટેશનો) ..... જિલ્લો (જિલ્લા)..... .....રાજ્ય (રાજ્યો).....

(૪) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ(કલમો) અને જે ગુના (ગુનાઓ) માટે તેના પર તહોમત મૂકવામાં આવ્યું હોય તે ગુના (ગુનાઓ)નું સંક્ષિપ્તમાં વર્ણન. .....

(૫) સજા (સજાઓ) જાહેર કરવામાં આવી હોય તે તારીખ (તારીખો) .....

(૬) કોઈ સક્ષમ ક્ષેત્રાધિકારની કોર્ટ (કોર્ટો) દ્વારા સજા (સજાઓ) માટે મનાઇ હુકમ કરવામાં આવેલ છે કે કેમ .....

.....

ભાગ - ૯

(ઉમેદવારે ભરવું)

૧. હું, અહીં મારી, મારા જીવનસાથી અને મારા આશ્રિતની અસ્કયામતો (સ્થાવર, જંગમ, બેંક બેલેન્સ વગેરે)ની વિગતો નીચે આપું છું

ક. જંગમ મિલકતની વિગતો.

(સંયુક્ત માલિકીની હદ દર્શાવતી સંયુક્ત નામ પર હોય તેવી અસ્કયામતો પણ આપવી જોઈશે)

અનુક્રમાંક	વિગત	પોતે	જીવનસાથી (ઓ) નામ (નામો)	આશ્રિત-૧ નું નામ	આશ્રિત-૨ નું નામ	આશ્રિત-૩ વગેરેનું નામ
(૧)	રોકડ					
(૨)	બેંક, નાણાકીય સંસ્થાઓ અને નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓની થાપણ					
(૩)	કંપનીઓમાં ખત, ઋણપત્ર અને શેર					
(૪)	અન્ય નાણાકીય ખતો એનએસએસ (NSS), પોસ્ટલ બચત, એલઆઈસી (LIC), પોલીસી, વગેરે.					
(૫)	મોટર વાહનો (બનાવવાની વિગતો, વગેરે.)					
(૬)	ઝવેરાત (વજન અને મૂલ્યની વિગત આપવી)...					
(૭)	અન્ય મિલકત, જેવી કે દાવાનું મૂલ્ય/હિત/હિસ્સો.					

નોંધ:- ખત/શેર/ઋણપત્રનું મૂલ્ય, સૂચિબદ્ધ (લિસ્ટેડ) કંપનીઓના સંબંધમાં શેરબજારમાં પ્રવર્તમાન બજાર મૂલ્ય પ્રમાણે અને બિન-સૂચિબદ્ધ (નોન- લિસ્ટેડ) કંપનીઓના કિસ્સામાં અંકિત મૂલ્ય પ્રમાણે આપવું જોઈએ.

*આશ્રિત એટલે ઉમેદવારની આવક પર મુખ્યત્વે નિર્ભર હોય તેવી વ્યક્તિ.

ખ. સ્થાવર મિલકતની વિગતો

(નોંધ:, સંયુક્ત માલિકીનું પ્રમાણ દર્શાવતી સંયુક્ત માલિકીની મિલકતો પણ દર્શાવવી જોઈશે.

અનુક્રમાંક	વિગત	પોતે	જીવનસાથી (ઓ) નામ (નામો)	આશ્રિત-૧ નું નામ	આશ્રિત-૨ નું નામ	આશ્રિત-૩ નું નામ
(૧)	ખેતીની જમીન -સ્થળ (સ્થળો) -સરવે નંબર (નંબરો) - વિસ્તાર (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					
(૨)	બિન-ખેતીની જમીન -સ્થળ (સ્થળો) -સરવે નંબર (નંબરો) - વિસ્તાર (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					

અનુક્રમાંક	વિગત	પોતે	જીવનસાથી (ઓ) નામ (નામો)	આશ્રિત-૧ નું નામ	આશ્રિત-૨ નું નામ	આશ્રિત-૩ નું નામ
(૩)	ઈમારતો (વાણિજ્યિક અને રહેણાક) -સ્થળ (સ્થળો) -સરવે/બારણાની સંખ્યા (સંખ્યાઓ) - વિસ્તાર (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					
(૪)	મકાન/એપાર્ટમેન્ટ વગેરે -સ્થળ (સ્થળો) -સરવે/બારણાની સંખ્યા (સંખ્યાઓ) - વિસ્તાર (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					
(૫)	અન્ય ભાગો (જેમ કે મિલકતમાં હિત/હિસ્સો.)					

૨. હું અહીં જાહેર નાણાકીય સંસ્થાઓ અને સરકારી લેણાં માટે મારી જવાબદારીઓ/બાકી નીકળતી રકમની વિગતો નીચે આપું છું:-

(નોંધ: દરેક બાબત માટે અલગ વિગતો આપવી)

અનુક્રમાંક	વિગત	બેંક/ નાણાકીય સંસ્થા(સંસ્થાઓ)/વિભાગનું નામ અને સરનામું	.....ના રોજ બાકીની રકમ
(ક)	(૧) બેંક પાસેથી લોન		
	(૨) નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન		
	(૩) (આવક વેરો અને સંપત્તિ વેરા સિવાય) સરકારી લેણાં (કોઈ જાહેર હોદ્દો ધરાવતા હોય અથવા ધરાવેલ હોય તેવા કિસ્સામાં કોઈ લેણાં બાકી નથી તેનું પ્રમાણપત્ર જોડવું)		
(ખ)	(૧) અધિક કર સહિત આવકવેરો (જે આકારણી વર્ષ સુધી આવક વેરા પત્રક રજૂ કરવામાં આવ્યું હોય તે આકારણી વર્ષ પણ દર્શાવવું) કાયમી ખાતા નંબર (PAN) પણ આપવો.		
	(૨) સંપત્તિ વેરો (જે આકારણી વર્ષ સુધી સંપત્તિ વેરા પત્રક રજૂ કરવામાં આવ્યું હોય તે આકારણી વર્ષ પણ દર્શાવવું)		
	(૩) વેચાણવેરો (ફક્ત ખાનગી માલિકીના ધંધાના કિસ્સામાં)		
	(૪) મિલકતવેરો		

૩. મારી શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે:-

શાળા અને યુનિવર્સિટી શિક્ષણની વિગતો આપવી)

(શાળા/યુનિવર્સિટીનું નામ અને જે વર્ષમાં અભ્યાસક્રમ પૂર્ણ થયો હતો તે વર્ષ પણ આપવું જોઈશે.)

સ્થળ: .....

તારીખ: ..... (એકરાર કરનારની સહી)

ખરાઈ

હું, ઉપર દર્શાવેલ એકરાર કરનાર, આથી, ખરાઈ કરું છું અને જાહેર કરું છું કે આ એકરારની વિગતો સાચી છે અને મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે અને ખરી છે, તેનો કોઈપણ ભાગ ખોટો નથી અને તેમાં કોઈપણ મહત્ત્વપૂર્ણ બાબત છુપાવવામાં આવી નથી.

સન ૨૦.....ના.....(મહિના)ની ..... તારીખે, ...ખાતે ખરાઈ કરેલ છે.

સ્થળ: .....

તારીખ: ..... (એકરાર કરનારની સહી)

નોંધ: આ નમૂનામાં જે કોલમ એકરાર કરનારને લાગુ પડતી ન હોય તે છેકી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.01 09:17:01 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar